Extra No. 405

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXII] **SATURDAY, DECEMBER 4, 2021 / AGRAHAYANA 12, 1943**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

ઈન્સીડન્સ કમાન્ડર અને મામલતદાર દ્વારા

વંચાણે લીધા : ૧. ધી એપેડેમીક ડિસિઝ એક્ટ-૧૮૯૭

૨. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫

૩. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર તા.૧૩/૦૩/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક : જીપી/૯/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ.૧/જી

૪. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૯/૪/૨૦૨૧ના હુકમ ક્રમાંક :૪૦-૩/૨૦૨૦-DM-I(A)

૫. રાજ્ય સરકારના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૬/૨૦૨૧ના હુકમ ક્રમાંક :વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-B

૬. કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અરવલ્લીના તા.૯/૭/૨૦૨૧ના હુકમ નં. ડીસી/પીઓએલ/વશી/૧૦૭૯/૨૦૨૧

૭. તાલુકા આોગ્ય અધિકારીશ્રી, અરવલ્લી મોડાસાનો તા.૨૪/૧૧/૨૦૨૧નો રીપોર્ટ

જાહેરનામું

ધ એપેડેમિક ડિસીઝ કોવીડ એક્ટ, ૧૮૯૭ની કલમ-૨ અને ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૩૦ તથા ૩૪ હેઠળનું.

નં. ડીસી/પીઓએલ -૧/ COVID-19/વશી/૪૯૫ થી ૫૦૭/૨૦૨૧.–કેન્દ્રીય મંત્રાલય દ્વારા વંચાણે લીધા-૪ના હુકમ અન્વયે રાજ્ય સરકાર દ્વારા વંચાણે લીધા-૫ના હુકમથી માર્ગદર્શિકા અમલમાં મુકવામાં આવેલ છે, જેના અનુસંધાને કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અરવલ્લીના ઉક્ત વંચાણે લીધા-૬ના હુકમ અન્વયે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં કોરોના વાયરસના પોઝીટીવ કેસ આવેલ હોય, આ વાયરસના ઝડપી સંક્રમણેને ધ્યાને લઇ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે લોકોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવાની તાલુકા આરોગ્ય અધિકારીશ્રી, અરવલ્લી મોડાસા તરફથી વંચાણે લીધા-૭ના પત્રથી મળેલ દરખાસ્ત મને યોગ્ય જણાય છે.

આથી, હું અરૂણ એસ. ગઢવી, ઈન્સીડન્ટ કમાન્ડર અને મામલતદાર, મોડાસા સત્તાની રૂએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૨૬(૨), કલમ-૩૦ તથા ૩૪ તેમજ ધી એપેડમિક ડીસીઝ એક્ટ-૧૮૯૭ની કલમ-૨ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

નીચે જણાવેલ વિસ્તારને COVID-19નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરવામાં આવે છે.

- COVID-19નો કેસ મળી આવેલ જલદિપ સોસાયટી મોડાસા, તા. મોડાસા, જિ. અરવલ્લીને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.

ઉક્ત વિસ્તાર માટે નીચે મુજબની અમલવારી કરવાની રહેશે.

- કન્ટેનમેન્ટ વિસ્તારમાં આવશ્યક સેવાઓ અને જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ તથા તબીબી સેવાઓ સિવાયની તમામ પ્રકારની પ્રવૃત્તિ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.
- આ વિસ્તારની એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ ઉપર આરોગ્ય વિભાગની ગાઈડલાઈન મુજબ આરોગ્ય ટીમ દ્વારા ૧૦૦% થર્મલ સ્ક્રિનીંગ, કોન્ટેક્ટ ટ્રેસીંગ, હાઉસ-ટુ હાઉસ સર્વેલન્સ કરવાનું રહેશે અને સંબંધીત પોલીસ સ્ટેશન ઈન્ચાર્જે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો રહેશે તથા આ સિવાયના અન્ય તમામ રસ્તાઓ યોગ્ય બેરીકેડીંગ કરીને સંપૂર્ણ બંધ કરી આખા વિસ્તારને સીલબંધ કરી દેવાનો રહેશે.
- કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરેલ વિસ્તારમાંથી મેડીકલ ઈમરજન્સી અને આવશ્યક ચીજવસ્તુઓની સપ્લાય સાથે સંકળાયેલ પાસ ધારકો સિવાય કોઇ પણ વ્યક્તિ બહાર અવર-જવર કરી શકશે નહીં.
- ભારત સરકારશ્રીના Containment Zone પ્લાનની ગાઇડલાઇનની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

અમલવારીનો સમય

આ હુકમની અમલવારી તા.૨૪/૧૧/૨૦૨૧ના ૧૮.૦૦ કલાકથી તા.૭/૧૨/૨૦૨૧ના ૨૪.૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) કરવાની રહેશે.

અપવાદ

- સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ
- આ વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો
- આવસ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો

શિક્ષા

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ તેમજ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૫૧ થી ૬૦ અન્વયે કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ હુકમ અન્વયે મોડાસા તાલુકામાં ફરજ બજાવતા હેડ કોન્ટેબલ તથા તેમનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઇસમો વિરુધ્ધ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી હુકમ બહાર પાડ્યો.

એરૂણ એસ. ગઢવી,
ઈન્સીડન્ટ કમાન્ડર અને મામલતદાર,
મોડાસા.
